# દિવ્યક્રાંતિ









Date: 28-3-2021

Jaydev K. Budhbhatti : +91 9723162036 ● Editor: Kishan Budhbhatti: +91 7567683111 ● RNI Reg. No. GUJGUJ/2013/56930 ● www.divyakranti.com ● info@divyakranti.com ● facebook.com/divyakrantinews ● Price: 3:00 ● 97231 62036, 9601977755


# સરકારની ઝૂંબેશ તો કોઇ 'કોરો' ના રહે તેવી !


ઓન-ધ-સ્પોટ (પાના ૩ પર)



































**દિવ્ય વિચાર**
ખોટી અને અધુરી વાત કેટલાય સંબંધ તોડી નાખે છે

**ચાણક્ય નીતિ**
સલાહ હારેલાની લેવી, અનુભવ જીતેલાનો લેવો અને સમજણ ખુદની લેવી.

**આજનો કટાક્ષ**
ફેશન યુવતિઓની સખી છે, અને ડોશીઓની દુશ્મન

**હાસ્યનો હલવો**
શિક્ષક: પોપકોર્ન ગરમ તાવડી પર શા માટે ઉછળે છે?
વિદ્યાર્થી: તમે ગરમ તાવડી પર બેસી જુઓ એટલે જવાબ મળી જશે..

**કડવા સચ**
આજે ઈમાનદાર માણસને ગાંડો અને કપટી માણસને સ્માર્ટ ગણવામાં આવે છે..

**આજનો SMS**
કયા કહું કે તુ ભગવાન બનીજા, ચાંદથી પણ વધુ સુંદર બનીજા જગતમાં જો પુજાવુ હોય તારે તો મટી જા માનવ પત્થર બનીજા

## તંત્રી સ્થાનેથી..



કિશન બુધ્ધભટ્ટી: મો. ૭૫૬૭૭૮૩૧૧૧

# પોલીસ અને પત્રકારો: ડોક્ટરોથી પણ વિશેષ કોરોના યોદ્ધા

### કાયદાનું રક્ષણ કરનારનું રક્ષણ કોણ કરશે? પ્રજાની સમશ્યાને વાચા આપનાર ની સમશ્યા ને કોણ વાચા આપશે?

દેશમાં કોરોના કાળમાં સરકારી વિભાગોમાં વધુને વધુ એક્ટિવ વિભાગ હોય તો તે પોલીસ વિભાગ છે, છતાં પણ આજ સુધી તંત્રએ તેઓને 'કોરોના યોદ્ધા' નું બિરુદ નથી આપ્યું! પોલીસ એટલે રાજકારણીઓ અને પ્રજા વચ્ચે સેન્ડવીચ થઈ ગયેલ કર્મચારી! કાયદાનું પાલન કરાવવામાં પોલીસ પ્રજામાં અળખામણી થાય, કોઈ રાજકીય પક્ષ પાસે કાયદાનું પાલન કરાવે તો પોલીસ નેતાઓમાં અળખામણી થાય, એટલે પોલીસ માટે 'એક તરફ ખાઈ અને એક તરફ કુવો' કેવી દશા છે,

શિક્ષક થી માંડીને અન્ય વિભાગોમાં જવાબદારી ઓછી અને પગાર ઊંચો, ત્યારે પોલીસ માટે જવાબદારી વધુ અને પગાર ટૂંકો છતાં પણ પોલીસકર્મી પૂરી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી રહ્યા છે, કોરોના સમયમાં વાયરસ થી બચવા ડોક્ટરોને પીપીકીટ સહિત અનેક સુવિધાઓ આપવામાં આવે છે, મહદઅંશે ડોક્ટરની બેદરકારી અંગે કોઈ કેસમાં ના કરવો તેવી ઉપરથી સૂચના હોય છે, જ્યારે પોલીસ કર્મી ચોવીસ કલાકની ડ્યુટીમાં લોકોના સંપર્કમાં આવે છે પરંતુ તંત્ર તરફથી તેમની સલામતી માટે કોઈ વિશેષ સુવિધા આપેલ નથી, પોલીસકર્મીની સામાન્ય ભૂલ હોય તો તેને સસ્પેન્ડ કરી દેવાય છે અથવા તો સજારૂપ સ્થાને ટ્રાન્સફર કરાયછે! આ પ્રકારનો પક્ષપાત શા માટે?

પત્રકારીત્વનું ક્ષેત્ર બિઝનેસ નથી પણ એક સામાજિક સેવાકીય પ્રવૃત્તિ છે, સામાન્ય રીતે જે ખાનગી પત્રકારો છે તેની મર્યાદિત આવક હોય છે, જીવન જરૂરિયાત ના બે છેડા માંડ ભેગા કરતા હોય છે, કોરોના કાળમાં જાનના જોખમે સમાચારોનું કવરેજ કરતાં હોય છે, અનેક લોકોના સંપર્કમાં આવતા હોય છે, તેમની સલામતી માટે તંત્ર હંમેશા આંખ આડા કાન કરતું રહ્યું છે,

પત્રકારો,પ્રેસ ફોટોગ્રાફરો પણ સમાજના 'ફ્રન્ટલાઈન કોરોના વૉરીયર્સ' છે રાજ્યમાં અસંખ્ય પત્રકારોએ કોરોના થી જીવ ગુમાવ્યા છે તેમના પરિવારજનોએ પણ જીવ ગુમાવ્યા છે તેઓને આર્થિક તકલીફો પણ ઘણી પડી છે, તેઓને 'કોરોના યોદ્ધા'નું બિરુદ ન આપીને તેમની જે અવગણના કરી છે તે અક્ષમ્ય અને માનવતાની વિરુદ્ધ છે, સરકારે તાકીદે તેઓનું માન જાળવી તેમની સલામતી માટે અને આર્થિક મુશ્કેલીઓ દૂર થાય તેવા પગલાં લેવા ખાસ જરૂરી છે. પત્રકાર મરે છે ત્યારે તેની કદર થાય છે તે કેમ જીવી ગયો તેનો કોઈ સવાલ નથી''

# ધર્મ નહિ માનવતા, મનુષ્યતા મહાન: વિજ્ઞાન જાથા

અમદાવાદ : રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના મોવિયા ગામમાં ન્યારી સ્કૂલમાં વાલી, છાત્રાઓ, જાગૃતો માટેનો અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. ૨૧ મી સદી જ્ઞાન–વિજ્ઞાનની હોય ધર્મ નહિ માનવતા–મનુષ્યતા મહાન છે તે સંદર્ભમાં વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

સમાજ સુધારક અને શિક્ષણશાસ્ત્રી નટુભાઈ ભાલાળાએ કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદઘાટન કરી વર્તમાન સમયમાં રાષ્ટ્ર હિતની વાત સાથે જીવનમાં તર્ક, પુરૂષાર્થ, અનુભવમાંથી સતત શીખવું, જીવનશૈલી વિજ્ઞાનમય બનાવવાથી માનવને ફાયદો થાય છે. કુરિવાજો, વ્યસનો, પરંપરા, અંધશ્રદ્ધા, માન્યતાઓ, જડતાને કારણે માનવીની પ્રગતિ અટકી પડી છે તેની વિસ્તૃત વાત મુકી હતી.

પ્રાસંગિક પ્રવચનોમાં સંકુલના ટ્રસ્ટીઓ નીતીનભાઈ ભાલાળા, રેનીશભાઈ ભાલાળા, ધવલભાઈ ભટ્ટે પ્રસંગને અનુરૂપ વકતવ્ય આપી આજના સમયમાં જાથાની પ્રવૃત્તિનું મહત્વની સમજ આપી હતી. જાથાની લોકચળવળ આખરે માનવી માટે ઉપકારક સાબિત થશે તેમાં બેમત નથી.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ પ્રવચન અને પ્રશ્નોતરીના જવાબમાં જણાવ્યું કે જે જે દેશોના નાગરિકોનો સ્વભાવ વિજ્ઞાન અભિગમ–દ્રષ્ટિકોણનો હશે તેની પ્રગતિ હરણફાળ જોવા મળશે. વિજ્ઞાનથી માનવજાત સુખી સંપન્ન થયો છે. વિજ્ઞાનના લાભો નજર સમક્ષ જોઈએ છીએ. વિજ્ઞાન સર્વોપરી સાબિત થયું છે છતાં ભારતમાં ધર્મ, અંધશ્રદ્ધા, ચમત્કારો, અલૌકિક શકિતત, ઈતિહાસને વાગોળવામાંથી બહાર આવતા નથી તે દુ:ખદ છે. પ્રત્યેક માનવીએ આત્મમંથન કરી પોતાની દિશા નક્કી કરવી પડશે. ધર્મનો સ્વભાવ માન્યતાને પ્રેરવા અને પ્રશ્નો ન પુછવા દેવાનો છે. વર્તમાન સમયના તમામ દુષણોનું મૂળ આ આધારિત માન્યતાઓમાં રહેલું છે. ધર્મ, જાતિ, જ્ઞાતિ, પ્રદેશ, પંથ, ભાષા વિગેરે માનવ સંબંધોમાં તિરાડ ઉભી કરે છે. આ બધા ભાગલાવાદી પરિબળો છે. ધર્મનું શિક્ષણ માનવની વિચાર પ્રક્રિયાને રૂંધે છે. ધર્મનો પાયો માન્યતાઓ છે. આ માન્યતાઓને કોઈ આધાર હોતો નથી.



કુદરત તટસ્થ છે તેને પ્રાર્થના, પૂજા, પાઠ, સ્તુતિ, હોમ–હવન, જપ–તપ સાથે કશી જ લેવા દેવા નથી. પૃથ્વી ઉપર દર સેકન્ડ–મિનિટે સારી–ખરાબ બને છે તેને કોઈ રોકી શકતું નથી. કુદરતી પ્રક્રિયાનો ભાગછે. જાથાના જયંત પંડયાએ વધુમાં જણાવ્યું કે કુદરતી પ્રક્રિયાધિન સૃષ્ટિનું સર્જન થયું છે. સૃષ્ટિનું સર્જનકર્તા કોઈ નથી તે નિ:સંદેશ છે. સૃષ્ટિમાં બની રહેલા અદભુત બનાવોને સમજવાની પ્રક્રિયામાં કથિત સર્વશક્તિતમાન ઈશ્વરની શોધ માનવીએ કરી હશે તેવો મત છે. સર્જન, પોષણ અને વિનાશ તેના હાથમાં છે તેવી માન્યતા પ્રચલિત થઈ હશે. માનવીને સમજ આવતા કથિત વાતોનો છેદ ઉડી ગયો છે. કુદરત નિયમબદ્ધ છે. વિજ્ઞાને સ્વર્ગ, તર્ક, વૈતરણી નદી, આત્મા વિગેરે અનેક ભ્રમણાઓ ખોટી સાબિત કરી દીધી છે. વ્યકિતગત સમજવું પડશે, વિશ્વના તમામ ધર્મોમાં અવૈજ્ઞાનિક અભિગમના કારણે આખરે માનવીને જ નુકશાની વેઠવાનો અવસર આવે છે. પ્રત્યેકે સમજદારી કેળવવી પડશે. ધર્મ નહિ માનવતા–મનુષ્યતા મહાન છે. આપણો ધર્મ શ્રેષ્ઠ બીજો ધર્મ ખરાબ આવી માનસિકતા ત્યજવી પડશે. વિશ્વમાં સૌથી મોટો ધર્મ ખ્રિસ્તી પછી મુસ્લિમ આવે છે. ત્યાર બાદ હિન્દુ, બૌધ્ધ, શીખ, પારસી, જૈન વિગેરે અનેકગણા પૃથ્વી ઉપર અસ્તિત્વ ધરાવે છે. સમગ્ર વિશ્વમાં માનવીની વસ્તી આશરે ૮ અબજની છે તેમાં એક અબજ લોકો નાસ્તિક એટલે સાચી સમજણથી વાસ્તવિકતામાં જીવે છે અને અનુકરણ કરે છે. ન માનનારને કશું જ ધાર્મિક કે અન્ય ક્રિયાકાંડો કરવા પડતા નથી છતાં સુખ–સમૃદ્ધિમાં જીવે છે તેમાંથી આત્મમંથન કરવાની જરૂર છે. જાથાના પંડયાએ વ્હેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો, ભૂત–પ્રેત, જીન્નાત, મામો, ખવીશ, પુર્ન:જન્મ, પૂર્વ જન્મ, વિગેરે ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ગ્રહો, ગ્રહણો, યુતિ, કુંડલી, જયોતિષ ફળકથનો વિગેરેમાં વિજ્ઞાન શું માને છે તેવી વાત મુકી હતી. ચમત્કારો પાછળના રહસ્યોની વિશેષ સમજ આપી હતી. પિતૃ, સુરાપુર, મૃત્યુ પામેલા કદી નડતા નથી, જીવતા માણસો જ નડે છે તેમાં પરિવારના સદસ્યો, સગા–સંબંધી, મિત્રો અવરોધરૂપ થાય છે તેમાંથી સાવધાન રહેવાની જરૂર છે. માણસે અનુભવમાંથી શીખવું જોઈએ. ભૂલની પરંપરા ચાલુ રાખે તેને બરબાદી જ મળે છે. સકારાત્મક વલણ કામ આવે છે. માનવ શરીર જ ચમત્કાર છે. બીજે શોધવા જવાની જરૂર નથી. ગુપ્ત ધન, રૂપિયાનો વરસાદ, લાખો, કરોડોની લાલચ ખતરનાક સાબિત થાય છે. આજે પણ અમુક જ્ઞાતિમાં પશુબલીની પરંપરા રિવાજ ચાલ્યો આવે છે તેને નેસ્તનાબુદ કરવા જાથા અભિયાન ચલાવે છે તેમાં સૌનો સહકાર ઈચ્છે છે. માનતાના નામે પશુબલી કરવી કાયદામાં ગુન્હો બને છે. સરકારે પશુબલી માટેનો કોઈ જ પરિપત્ર કર્યો નથી. અમુક લેભાગુ પોતાના સમાજને છેતરે છે. તેને ઓળખવાની જરૂર છે. જાથા પશુબલીના કિસ્સામાં સચોટ માહિતીની ખરાઈ કરે છે. મોબાઈલ ઉપર જાણકારીમાં કશું જ કરવામાં આવતું નથી. રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# TECH CORNER

## સ્માર્ટફોન અને સ્માર્ટ TV બાદ બજારમાં આવ્યા છે સસ્તા સ્માર્ટ પંખા, મોબાઈલથી થશે સ્પીડ કંટ્રોલ




તમે તમારા મોબાઈલ અને અવાજથી સ્માર્ટ ફેનની ગતિને નિયંત્રિત કરી શકો છો. આ સિવાય તેને ચાલુ-બંધ કરવાનું પણ તમાર હાથમાં જ હશે

આજકાલના ટેકનોલોજીના જમાનામાં દિવસે ને દિવસે સ્માર્ટ ઉપકરણોનું ચલણ વધ્યું છે. ખાસ કરીને હોમ એપ્લાયન્સિસ સેગમેન્ટમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) અને સ્માર્ટ ટેકનોલોજીનો ઉપયોગ દિવસેને દિવસે વધતો જઈ રહ્યો છે.

માર્કેટમાં સ્માર્ટ ટીવી(Smart TV) અને સ્માર્ટફોન(Smartphone)ની સાથે હવે સ્માર્ટ પંખા (Smart Fans) પણ હાજર છે. હવે તમને સવાલ થશે કે નવી ટેક્નોલોજી હશે તો ભાવ પણ ખૂબ વધુ હશે, પરંતુ તમને જણાવી દઈએ કે સ્માર્ટ ફેનની કિંમત ઓછી જ છે.

તમે તમારા મોબાઈલ અને અવાજથી સ્માર્ટ ફેનની ગતિને નિયંત્રિત કરી શકો છો. આ સિવાય તેને ચાલુ-બંધ કરવાનું પણ તમાર હાથમાં જ હશે. જો તમે પણ તમારા ઘરે આ સ્માર્ટ ફેન લગાવવા ઈચ્છો છો, તો આવો તમને જણાવીએ સ્માર્ટ ફેનની કિંમત અને તેના ફીર્ચસ

### Atomberg E□cio Smart Fan

જાનદાર લુક ધરાવતા આ Atomberg E□cio Smart Fanને તમે ફ્લિપકાર્ટ પર ફક્ત ૨૫૯૯ રૂપિયામાં ખરીદી શકો છો. વ્યાજબી કિંમતે મળતા આ સ્માર્ટ ફેનને માત્ર રીમોટથી જ કન્ટ્રોલ કરી શકો છો, ફોનથી કન્ટ્રોલ નહી કરી શકો. ૫-સ્પીડ એટોમબર્ગ સ્માર્ટ ફેનમાં Blade sweep સાઈઝ ૧૨૦૦mm હશે.

### Orient Remote Wendy Smart Fan

ઓરિયન્ટ કંપનીનો રીમોટ કંટ્રોલ સ્માર્ટ ફેન એમેઝોન પરથી ફક્ત ૩૪૦૦ રૂપિયામાં ખરીદી શકાય છે. ૧૨૦૦ mm™e Blade Sweep સાઈઝ ધરાવતા આ ખ્યાતનામ કંપનીના સ્માર્ટ ફેન બ્લેક ગોલ્ડ કલરમાં ખૂબ જ સ્ટાયલિશ જોવા મળી રહ્યો છે. જોકે આ આ ફેન વોઈસ કમાન્ડ સપોર્ટ કરતું નથી.

### Orient Electric Ecotech Plus Smart Fan

ઓરિયન્ટ કંપનીનો આ બીજો સ્માર્ટ ફોન રીમોટથી જ કન્ટ્રોલ કરી શકશો. બ્રાઉન કલરના આ સ્માર્ટ ફોનમાં ૫ સ્પીડ મોડ છે અને કિંમત પણ માત્ર ૨૬૯૦ રૂપિયા જ છે. જો તમે આ ફેન તમે એમેઝોનમાંથી ખરીદી કરવા ઈચ્છતા હો તો ઉપરોક્ત તસ્વીરમા આપેલ કોડને સ્કેન કરી સીધી ખરીદી કરી શકો છો.

## વોટ્સએપમાં વોઇસ મેસેજ માટે નવું ફીચર આવશે

ચાલો તમને જણાવી દઈએ કે વોટ્સએપ મલ્ટિ-ડિવાઈસ સપોર્ટ નામના ફિચર પર પણ કામ કરી રહ્યું છે. કંપની આવતા મહિનામાં તેને પ્લેટફોર્મ પર ઉમેરી શકે છે. રિપોર્ટ અનુસાર, તેને પહેલા આઈઓએસ યુઝર્સ અને ત્યારબાદ એન્ડ્રોઈડ વોટ્સએપ યુઝર્સ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.WABeta Info ની માહિતી અનુસાર, વોટ્સએપ બે વિવિધ પ્રકારના મલ્ટિ-ડિવાઈસીસ વિકસાવી રહ્યું છે. એક સાથે, તમે ઈન્ટરનેટથી મુખ્ય ફોનને કનેક્ટ કર્યા વિના, વોટ્સએપ વેબનો ઉપયોગ કરી શકશો. બીજું, તમે તમારા મુખ્ય WhatsApp એકાઉન્ટને ચાર જુદા જુદા ઉપકરણોથી કનેક્ટ કરી શકશો.



આ સિવાય કંપની 'એક્રિપ્ટેડ ચેટ બેકઅપ સુવિધા પણ રજૂ કરી શકે છે. વોટ્સએપ ચેટ્સ પહેલાથી જ એન્ડ-ટુ-એન્ડ એક્રિપ્ટેડ છે. પરંતુ, આ ચેટ્સનો થર્ડ પાર્ટી એપ બેકઅપ ગૂગલ ડ્રાઈવ પર બનાવવામાં આવ્યો છે. આવી સ્થિતિમાં, વોટ્સએપ એક નવું એક્રિપ્ટ થયેલ ચેટ બેકઅપ વિકલ્પ રજૂ કરવાની તૈયારી કરી રહ્યું છે. આ વપરાશકર્તાઓની ગોપનીયતામાં સુધારો કરશે અને તમારા એકાઉન્ટને હેક થવાથી અટકાવશે.

# સરકારી નોકરીની રાહ જોતા યુવાનો માટે ભારતીય રેલવેમાં સોનેરી તક

રેલવે ભરતી બોર્ડના દિશા-નિર્દેશોની અંતર્ગત રેલવેમાં કેટલાંય પદ માટે ભરતી થઈ રહી છે. ભારતીય રેલવેની ૧૩૪૨ પદો પર સરકારી ભરતીઓની માહિતી જેમાં બધાને નોકરીની તક મળશે. બધાને તક મળતા અમારા અભિપ્રાય છે કે અહીં આઠમા ધોરણથી પાસ થઈ ૧૨મું ધોરણ પાસ પણ અરજી કરી શકે છે.

ખાસ વાત એ છે કે આ નોકરીઓ માટે કોઈપણ પ્રકારની પ્રવેશ પરીક્ષા આપવાની નથી અને ના તો કોઈ ઈન્ટરવ્યુ થશે. અહીં સીધી અરજીનું મેરિટ લિસ્ટ બનાવશે. પછી આ મેરિટ યાદી દ્વારા યોગ્ય ઉમેદવારોની પસંદગી કરાશે. રેલવેમાં કેરિયર બનાવવા ઈચ્છુક છે તો તમે તમામ તૈયાર થઈ જાઓ, ભારતીય રેલવેના અલગ-અલગ ડિવીઝન અને અનુભાગોમાં નોકરીઓ નીકળઈ છે. તેમાંથી કેટલીક તો એવી છે જ્યાં આઠમું ધોરણ પાસ પણ હજારોમાં પગાર મળશે. તેના માટે અરજીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ નોકરીઓ રેલવે કારખાના, ઉત્તર મધ્ય રેલવે, પશ્ચિમ મધ્ય રેલવેની છે. આ સમાચારમાં રેલવેની એવી ત્રણ મોટી નોકરીઓની માહિતી આપી છે.

**રેલવે કારખાનામાં નોકરી**

આઠમું ધોરણ પાસ યુવાનો માટે બમ્પર નોકરીઓ ભારતીય રેલવેના ડીઝલ લોકો મોર્ડનાઈઝેશન વર્કસ (ડીઝલ રેલ એન્જિન આધુનિકીકરણ કારખાના, પટિયાલા)એ ઈલેક્ટ્રિશિયન, મિકેનિક, મશીનિસ્ટ, ફિટર અને વેલ્ડર વગેરે પદો માટે અપ્રેંટિસશિપ માટે અરજી આમંત્રિત




રક્યા છે. આ વેલ્ડરના આઠમું પાસ અને આઈટીઆઈ ડિપ્લોમાધારક ઉમેદવાર અરજી કરી શકે છે. જ્યારે ઈલેક્ટ્રિશિયન, મિકેનિક, મશીનિસ્ટ અને ફિટર વગેરે પદો માટે ધોરણ ૧૦ અને ૧૨ પાસ થવાની સાથો સાથ આઈટીઆઈ પાસ થવું જરૂરી છે. કેન્ડિડેટ જે આ પદો માટે અરજી કરવા માંગે છે, તે ઈન્ડિયન રેલવે ડિઝલ લોકો મોર્ડનાઈઝેશન વર્કસની સત્તાવાર વેબસાઈટ પર જઈ અરજી કરી શકે છે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૧ છે.

**પશ્ચિમ મધ્ય રેલવેમાં ટ્રેડ અપરેંટિસના ૬૮૦ પદ પર ભરતી**

પશ્ચિમ મધ્ય રેલવેના ભોપાલ મંડળ કાર્યાલયની તરફથી ટ્રેડ અપરેંટિસના ૬૮૦ પદ માટે સીધી ભરતી નીકળી છે. તેના માટે અરજી પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. રેલવેમાં અપરેંટિસની આ ભરતી માટે ઉમેદવારોને કોઈ લેખિત પરીક્ષા કે ઈન્ટરવ્યુ આપવાનો રહેશે નહીં. અરજીની પસંદગી માટે ધોરણ ૧૦માં પ્રાપ્ત માર્કસના આધાર પર એક મેરિટ લિસ્ટ બનાવાશે. પછી મેરિટ યાદી દ્વારા યોગ્ય ઉમેદવારોની પસંદગી કરાશે. આ નોકરી માટે અરજી ઓનલાઈન સ્વીકારાશે. વેસ્ટ સેન્ટ્રલ રેલવે એ ૬૮૦ પદ માટે સત્તાવાર ભરતી નોટિફિકેશન પણ રજૂ કર્યું છે. ઓનલાઈન અરજીની પ્રક્રિયા ૫ એપ્રિલ ૨૦૨૧ના રોજ બંધ થશે.

**૧૦મું ધોરણ પાસ માટે ઉત્તર મધ્ય રેલવેમાં નીકળી બમ્પર ભરતી**

રેલવે ભરતી બોર્ડના દિશા-નિર્દેશોની અંતર્ગત ઉત્તર મધ્ય રેલવેમાં અનેક પદો માટે ભરતીઓ થઈ રહી છે. ઉત્તર મધ્ય રેલવેના ડીઆરએમ ઝાંસી કાર્યાલયની તરફથી અપરેંટિસને ૪૮૦ પદ માટે ભરતી નીકળી છે. તેના માટે અરજી પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. નોર્થ સેન્ટ્રલ રેલવે એ ફિટર, વેલ્ડર, મિકેનિક, કાર્પેન્ટર, અને ઈલેક્ટ્રીશિયન ટ્રેડર્સ માટે કુલ ૪૮૦ અપરેંટિસ પદો પર નોકરી નીકળી છે. તેના માટે સત્તાવાર ભરતી માટેનું નોટિફિકેશન પણ બહાર પાડ્યું છે. ઈચ્છુક અને પાત્ર ઉમેદવાર પોતાવની યોગ્યતાનુસાર પદ માટે અરજી કરી શકે છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા ૧૯ એપ્રિલ ૨૦૨૧ સુધી સક્રિય રહેશે.

# મોરબીમાં શાસ્ત્રી નિખીલભાઈ જોષીના વ્યાસપીઠ સ્થાને શ્રીમદ્ ભાગવત સપ્તાહ યોજાશે

મોરબી : મોરબીમાં સમસ્ત પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસોના રહીશો દ્વારા આગામી તા. ૨૧થી ૨૭ એપ્રિલ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથાનું રસપાન શાસ્ત્રી નિખીલભાઈ જોષી (રાધેકૃષ્ણ) દ્વારા સંગીતમય શૈલીથી કરાવશે. આ કથા સાંજે ૪થી ૭ વાગ્યા સુધી શ્રી પ્રધાનમંત્રી આવાસ યોજના, કેનાલ રોડ, નવલખી બાયપાસ, દલવાડી સર્કલ, મોરબી ખાતે યોજાશે. જેનો ભાવિકોએ લાભ લેવા સોમનાથ ધુન મંડળ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.


# મોરબીમાં પાટીદાર માર્ગદર્શન કેન્દ્રનું ઉદઘાટન તથા કોરોના રસીકરણ કેમ્પનું આયોજન

મોરબીમાં પાટીદાર સેવા સમાજ ટ્રસ્ટ તથા ઉમિયા સર્વિસ ક્લાસ ફોરમના સંયુક્ત ઉપક્રમે પાટીદાર માર્ગદર્શન કેન્દ્રનું ઉદઘાટન તા. ૨૯/૦૩/૨૦૨૧ને સોમવારના રોજ સાંજે ૬ કલાકે શ્રી પાટીદાર સેવા સમાજ ટ્રસ્ટ, એફ-૨૯, આશાપુરા ટાવર, નવા બસ સ્ટેશન સામે, શનાળા રોડ ખાતે રાખેલ છે. જેની દરેક સભ્યોએ નોંધ લઈ હાજર રહેવા વિનંતી કરવામાં આવી છે.

મોરબીમાં પાટીદાર સેવા સમાજ ટ્રસ્ટ તથા ઉમિયા સર્વિસ ક્લાસ ફોરમ દ્વારા આયોજીત અને જીલ્લા આરોગ્ય અધિકારી-મોરબીના સહયોગથી કોરોના રસીકરણ કેમ્પ (વિનામૂલ્યે)નું આયોજન તા. ૨૯ને સોમવારે બપોરે ૨થી ૬ વાગ્યા સુધી શ્રી કડવા પાટીદાર કન્યા છાત્રાલય કેમ્પસ, નવા બસ સ્ટેશન પાછળ, શનાળા રોડ, મોરબી ખાતે રાખેલ છે. તો જેની ઉંમર ૪૫ વર્ષથી વધુ હોય તેવા દરેક મોરબીવાસીઓને કોરોના રસીકરણનો લાભ લઈ જાગૃતી દાખવવા વિનંતી કરાયેલ છે.

ઉલ્લેખનીય છે કે રસીકરણ માટે આવતા તમામ ભાઈ-બહેનોએ આધારકાર્ડ સાથે લાવવાનું રહેશે. વધુ વિગત માટે ધીરુભાઈ સાણજા મો. ૯૮૭૯૮ ૪૨૨૮૧ અથવા અશ્વિનભાઈ એરણીયા મો. ૮૧૬૦૪ ૧૫૭૭૫ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ધરતી માતાનું ઋણ




ઉષાબેન પ્રફુલચંદ્ર પારેખ, મોરબી

હે ધરતીમાતા તેં મને જન્મ આપ્યો, તેનું હું ઋણ ચુકવું છું.
ભારતભૂમિની ધરા તને પ્રણામ કરું છું.
ચાહે બનુ સંત કે સૈનિક તેવો ગર્વ છે
આ દેશની રક્ષા કરવાનો મોકો મળે , તેવું વરદાન માગું છું.
આ પાવન ભૂમિમાં જન્મ લીધો તેને,
હું મારા અહભાગ્ય માનું છું.
તેથી તારા કણ કણ ને, હું ભગવાન માનું છું
તુ મને મોકો આપજે સેવા કરવાનો
જન્મના ઋને ચુકવવાનું માગું છું.
શ્વાસ આ ભૂમિ પર લેવાનો હું, ગૌરવ અનુભવુ છું.
સત્કાર્યો કરીને જ અહીંથી જઈશ
તેવો નિર્ધાર કરું છું. , આ સંત મહંત ને ભગવાનની ભૂમિને
શત શત વંદન કરું છું.
કેટલીયે માતાના લાડલાના લોહીના
બલિદાનથી મળી છે આઝાદી
તેની રક્ષા પ્રાણના ભોગે કરવાનો સંકલ્પ કરુ છું.,
જયારે જન્મુ માનવ તરીકે ત્યારે
ભારતમાં જ જન્મું ,એવા હું અરમાન કરું છું.
'ભારત માતા કી જય'
-ઉષાબેન પ્રફુલચંદ્ર પારેખ, મોરબી

# મોરબી: ગજાનંદ પાર્ક એસોસિએશનના પ્રમુખ જયદેવસિંહ જાડેજા દ્વારા મુખ્યમંત્રી તથા નાયબ મુખ્ય મંત્રીને સામાન્ય જનતાના પ્રશ્નો દૂર કરવા લેખિત રજુઆત કરાઇ

જયદેવસિંહ જાડેજા દ્વારા મુખ્યમંત્રીને કરાયેલ લેખિત રજુઆતમાં અક્ષરસ: જણાવ્યું હતું કે, ×જય ભારત સાથ આપને જણાવવાનું કે હાલમાં થોડા સમય પહેલા યોજાયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મોરબી જિલ્લા તથા ગુજરાત રાજ્યની તમામ જાહેર જનતાએ આપની ઉપર એક વિશ્વાશ મુકેલો છે તથા પ્રજાના વિકાસલક્ષી કાર્યો કરવા માટે આપને એક અમૂલ્ય તક પ્રજાજનો એ આપેલ છે ગુજરાત રાજ્ય ના તમામ પ્રજાજનો હર હંમેશ માટે આપની સરકાર સાથે ઉભેલા જોવા મળે છે, નરેન્દ્રભાઈ મોદી તથા અમિત ભાઈ શાહ પણ આપણા ગુજરાતી છે જેના ઉપર સમગ્ર દેશ આજે ગર્વ અનુભવી રહ્યો છે ગુજરાત મોડલ દ્વારા જ આજે આપણા મોદી સાહેબ મુખ્યમંત્રીથી લઈને પ્રધાનમંત્રી સુધી પહોંચ્યા છે ગુજરાતની જનતા હર હંમેશ માટે આપના તથા આપની સરકાર સાથે જોડાયેલ રહે છે કોરોના મહામારીના સમય દરમ્યાન પણ ગુજરાત રાજ્યની જનતા સરકારના નિયમોને અનુસરીને પણ આર્થિક સંકટમાં આપની સાથે રહી છે આપશ્રી દ્વારા તથા કેન્દ્રસરકાર દ્વારા પણ રાજ્યની જનતા ને ખુબજ સહયોગ મળી રહ્યો છે આજે આપણું ગુજરાત કૂદકે ને ભૂસકે આગળ વધી રહ્યું છે. નવા ઉદ્યોગો તથા વિકાસલક્ષી કાર્યમાં આજે ગુજરાત નું સ્થાન મોખરેછે જે વાત ઉપર આજે સમગ્ર ગુજરાતીને ગર્વ છે.



આપની સરકાર દ્વારા ગરીબ લોકોને તથા રાજ્ય ના ખેડૂતો ને ઘણા ખરા લાભો મળ્યાછે જે માટે આપને તથા ભાજપ સરકાર નો અમે આભાર વ્યક્ત કરીએ છીએ આજે સમગ્ર ગુજરાત રાજ્યની જનતા માટે અમે આપને એક અનુરોધ કરવા માંગીએ છીએ કે સરકારશ્રી દ્વારા ગુજરાત રાજ્યની સરકારી સ્કૂલમાં આટલો ખર્ચ કરવા છતાં પણ બાળકોને યોગ્ય અભ્યાસ નથી મળી રહ્યો જેના અનુસંધાને વાલીઓ ને પોતાના બાળકોનો અભ્યાસ પ્રાઈવેટ સ્કૂલમાં કરાવવો પડે છે તથા પ્રાઈવેટ સ્કૂલોના સંચાલકો પોતાની મરજી મુજબ વાલીઓ જોડેથી રકમ વસુલ કરે છે.સરકારી સ્કૂલોની ખરાબ વ્યવસ્થાને લીધે આજે વાલીઓ પોતાના બાળકોને સરકારી સ્કૂલો માં અભ્યાસ માટે મોકલતા અચકાઈ છે જેથી કરીને અમે આપને વિનંતી કરીએ છીએ કે વાલીઓ પોતાના બાળકો ને સામેથી સરકારી સ્કૂલો અભ્યાસ માટે મોકલે એવી વ્યવસ્થા સ્કૂલમાં ઉપલબ્ધ થાય તેવી વ્યસ્થા કરો તથા ગુજરાતની પ્રજાને પોતાના રહેણાંક મકાનોના લાઈટ બીલોમાં પણ થોડી રાહત આપો કારણ કે વીજળીના વધારે પડતા આવતા લાઈટ બીલોથી પણ રાજ્યની પ્રજાનું પોતાનું બજેટ ખોરવાઈ રહ્યુંછે હાલમાં જે પેટ્રોલ.ડીઝલ. ઘરેલુ ગેસના ભાવમાં વધારો આવ્યો છે જેના અનુસંધાને સામાન્ય લોકોનું બજેટ ખોરવાઈ રહ્યું છે જે માટે આપ સાહેબને વિનંતી કે રાજ્યની પ્રજાને પોતાના ઘરના આવતા લાઈટ બિલ ઉપર થોડી સબસીડી આપવા વિનંતી

ગુજરાતી ની પ્રજા આપની સાથે હર હંમેશ ઉભી રહી છે અને ઉભી રહેવાની છે આપની સરકારએ આપણા રાજ્ય માટે ઘણા ખરા કામો કરેલા છે આપશ્રી પણ હર હંમેશ માટે ગુજરાતની પ્રજા સાથે ખડા પગે ઉભેલા જોવા મળ્યા છો,આપના દિલ માં ગુજરાત ની જનતા માટેનો જે પ્રેમ જોવા મળે છે એ અમારા માટે પણ એક ગર્વ લીધા જેવી વાત છે ઉપર આપેલ અમારા બને પ્રશ્ન માટે આપશ્રી વિચાર કરશો એવી અપેક્ષા સાથે આપનો વિશ્વાશું... જયદેવસિંહ જાડેજા-૯૯૧૩૩૪૦૪૨૦ 'ગજાનંદ પાર્ક એસોસિએશન (પીપળી ) તાલુકા. જિલ્લા. મોરબી' ઉપરોક્ત લખાણ જયદેવસિંહ જાડેજા દ્વારા મુખ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજૂઆત કરાઈ છે.

## શ્રદ્ધાંજલિ



**સ્વ. બાલાબા ઘનશ્યામસિંહ જાડેજા**
(સ્વ. તા. ૨૫-૦૩-૨૦૨૧, ગુરૂવાર)

તમે અમારાથી દૂર ગયા પણ તમે હંમેશા અમારા હૃદયમાં રહેશો, તમારો પ્રેમ મહાન હતો, ઈશ્વર આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના

(લી) ચી. જયદેવસિંહ જાડેજા, મો. ૯૯૧૩૩ ૪૦૪૨૦

-:બેસણું:-
બેસણાનો સમય: સાંજે ૪ થી ૬, તારીખ: ૨૯-૩-૨૦૨૧
બેસણાનું સ્થળ: ગજાનન પાર્ક સોસાયટી, જેતપર-પીપળી રોડ, મોરબી-૨

દિવ્યકાંતિ મિડીયા પરિવાર સદગતના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચીર શાંતિ અર્પે તેવી પ્રાર્થના

Owner-Editor-Publisher : Jaydev K. Budhbhatti, Publishing from bramin street para-1, at Jodiya, Dist. Jamnagar, Printed at, lokjwala printing press, Brahmin street para, Jodiya, Dist. Jamnagar, Publishing every 15 days, Volume-4 Issue-136, Year-9 Price Rs. 3.00, M. 097231 62036

